GJPT010019552026

| | |
|---|---|
| દાખલ થયા તારીખ | ૦૩–૦૮–૨૦૨૬ |
| નોંધણી થયા તારીખ | ૦૩–૦૮–૨૦૨૬ |
| ફેંસલ થયા તારીખ | ૧૦–૦૮–૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ–માસ–દિવસ<br>૦૦–૦૦–૦૮ |

**પાટણના મે.ત્રીજા એડીશનલ સેશન્સ જજ શ્રીની કોર્ટમાં, મુ.પાટણ.**

**ક્રિમીનલ પરચુરણ અરજ નં. ૬૦૯/૨૦૨૬**

**આંક – ૦૭**

**અરજદાર–** બલવન્તારામ રામચંદરામ જાની,
ઉ.વ.આ.૪૦, ધંધોઃ ખેતી,
રહે. જાનીયો ની ઢાળી, કાકડો ની ઢાળી,
ચૈનપુરા, અનીચાલી, બાડમેર, રાજસ્થાન.

**વિરૂધ્ધ**

**સામાવાળા–** શ્રી સરકાર

**બાબત – ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા – ૨૦૨૩ ની કલમ – ૪૮૨ મુજબ આગોતરા જામીન મેળવવા અરજ.**

**એડવોકેટસ –**

અરજદાર/આરોપી તરફે વિ.વકીલ શ્રી જે.એ.બારોટ

સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી જે.ડી.ઠક્કર

**– :: <u>જજમેન્ટ</u> :: –**

(૧) આ કામના અરજદાર/આરોપીને સિધ્ધપુર પો. સ્ટે. ગુ. ર. નં.૧૧૨૧૭૦૩૦૨૫૦૯૮૬/૨૦૨૫, પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એ), ૬૫(ઇ), ૧૧૬(બી), ૮૧, ૮૩, ૯૮(૨) મુજબના નોંધાયેલા ગુનામાં પોલીસ ધ્વારા તેઓની ધરપકડ થવાની દહેશત હોઈ, તેઓએ તેઓના વિ.વ.શ્રી મારફત ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા – ૨૦૨૩ ની કલમ – ૪૮૨ અન્વયે અરજીમાં જણાવેલ હકીકતો અને કારણોસર હાલની આગોતરા જામીન અરજી દાખલ કરેલ છે.

(૨) આ કામના અરજદાર/આરોપીની હાલની અરજી ઉપરથી સામાવાળા શ્રી સરકારને નોટીસ કરવામાં આવેલી. સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી જે.ડી.ઠક્કર હાજર રહેલા છે.

(૩) અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી ને તથા સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. અરજદાર/આરોપીની જામીન અરજી વંચાણે લીધી. અરજદાર/આરોપી તરફે આંક–૩ ના દસ્તાવેજી લીસ્ટથી રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ તેમજ આંક– ૬ થી રજૂ થયેલ ત.ક.અ.શ્રીનું સોગંદનામું તથા તપાસના પોલીસ પેપર્સ વંચાણે લીધા.

(૪) અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીએ દલીલ કરતાં જણાવેલ છે કે, હાલના ગુનાના કામે અરજદાર/આરોપીની ધરપકડ થવાની દહેશત છે. અરજદાર/આરોપી ગુના વિશે કંઈ જાણતા નથી, નિર્દોષ છે. અરજદાર/ આરોપી પકડાયેલ પ્રોહી. મુદ્દામાલ વિશે કંઈ જાણતા નથી. અરજદાર/ આરોપી સ્થળ ઉપરથી મળી આવેલ નથી કે અરજદાર/આરોપીના કબજા ભોગવટામાંથી કોઇ પ્રોહી. મુદ્દામાલ મળી આવેલ નથી. અરજદાર/આરોપી

સામે પ્રથમદર્શનીય કેસ નથી. વધુમાં સહઆરોપી પપ્પુરામના નિવદેનમાં હાલના અરજદાર/આરોપીનું ખોટી રીતે નામ સંડોવી દેવામાં આવેલ છે. વધુમાં હાલના ગુનાના સહઆરોપી પારસારામ હીરારામને હાલના ગુનાના કામે કસ્ટડીમાં લીધેલ ત્યારે તેમને હાલના અરજદાર/આરોપી સદર સહઆરોપીના પરિવાર સાથે સિધ્ધપુર પોલીસ સ્ટેશનમાં મળવા આવેલા અને સદર સહઆરોપી પારસરામ હિરારામ સુંડારામ બિશ્નોઇને અત્રેની નામદાર કોર્ટ દ્વારા ફો.પ.અ. નં.૧૦૦૧/૨૦૨૫ થી રેગ્યુલર જામીન પર મુક્ત કરેલ અને તેમના જામીનદાર તરીકે પણ રહેલા છે. વધુમાં હાલના ગુનાના સહઆરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ થઇ ગયેલ છે અને તપાસ પૂર્ણ થઇ ગયેલ છે. હાલનો ગુનો જે.એમ.એફ.સી. ટ્રાયેબલ ગુનો છે. વધુમાં અરજદાર/આરોપી રાજસ્થાન રાજ્યના કાયમી રહેવાસી છે, સ્થાવર તથા જંગમ મિલકત ધરાવે છે, કયાંય નાસી ભાગી જાય તેમ નથી. અરજદાર/આરોપીની ધરપકડ કરવામાં આવે તો તેઓની પ્રતિષ્ઠાને ખુબજ હાનિ પહોંચે તેમ છે તેમજ તેમના પરિવારને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે તેમ છે. આ કામના અરજદાર/આરોપી નામદાર કોર્ટ ફરમાવે તેવી રકમના સધ્ધર જામીન આપવા તૈયાર અને ખુશી છે તેમજ પોલીસ તપાસમાં સંપુર્ણ સાથ સહકાર આપવાની ખાત્રી આપે છે. જેથી આ કામના અરજદાર/આરોપીની હાલની આગોતરા જામીન અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે. તેઓએ પોતાની દલીલોના સમર્થનમાં નામદાર સુપ્રિમ કોર્ટ, ૨૦૧૧ ના સિધ્ધરામ વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્રના ચુકાદા પર આધાર રાખેલ છે.

(૫) સામાવાળા સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરતા જણાવેલ છે કે, આ કામે કુલ રૂા.૪૭,૮૪,૮૮૦/- નો પ્રોહી. મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે અને સદર પ્રોહી. મુદ્દામાલ હાલના અરજદાર/આરોપીએ ભરાવેલ હોવાનું તપાસમાં ખુલેલ છે. અરજદાર/આરોપીએ ગંભીર પ્રકારનો ગુનો આચરેલ છે. અરજદાર/આરોપીનો મુખ્ય રોલ છે. આ કામે

અરજદાર/આરોપી સિવાય અન્ય સહઆરોપીને પકડવાના બાકી છે. જો અરજદાર/આરોપીની આગોતરા જામીન અરજી મંજુર કરવામાં આવે તો તપાસને વિપરીત અસર થાય તેમ છે. જેથી ત.ક.અમલદારનું સોગંદનામું તથા ગુનાની ગંભીરતા ધ્યાને લઈ, અરજદાર/આરોપીની હાલની જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૬) બંને પક્ષકારોના વિ.વકીલશ્રીઓની દલીલો સાંભળી. ત.ક.અમલદારનુ સોગંદનામું તથા પોલીસ તપાસના કાગળો તથા અરજદાર/આરોપી તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા ઓ ધ્યાને લીધા. હાલના ગુનાના કામે કુલ રૂ.૪૭,૮૪,૮૮૦/- નો પ્રોહી. મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે અને કબજે કરવામાં આવેલ સદર પ્રોહી. મુદ્દામાલ હાલના અરજદાર/આરોપીએ ભરાવેલ હોવાનું તપાસમાં ખુલેલ છે. આ કામે મોટી માત્રામાં મુદ્દામાલ દારૂ કબજે લેવામાં આવેલ છે. હાલના ગુનાની તપાસ માટે અરજદાર/આરોપીનુ કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશન જરૂરી જણાય છે. આ કામના અરજદાર/આરોપી નાસતા ફરે છે. જયારે અરજદાર/આરોપીની હાલના ગુનાના કામે સંડોવણી અંગે તપાસ મહત્વના તબકકે હોય, ત્યારે જો અરજદાર/આરોપીની આગોતરા જામીન અરજી મંજુર કરવામાં આવે તો તપાસ ખોરંભે પડી જાય તેમ છે તેમજ સમાજ ઉપર પણ તેની માઠી અસર પડે તેમ છે. વધુમાં હાલના ગુનાના સહઆરોપીને અત્રેની કોર્ટ દ્વારા જામીન ઉપર મુક્ત કરેલ છે તે રેગ્યુલર જામીન પર મુક્ત કરેલ છે. આમ, આ કામના અરજદાર/આરોપીનો ગુનામાં રોલ, ગુનાની ગંભીરતા, સજાની જોગવાઈ ધ્યાને લેતા તથા સમાજના હિતનો ખ્યાલ કરતા તેમજ આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ પોલીસ રેકર્ડ ઉપરનો એકંદર પુરાવો ધ્યાને લેતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા - ૨૦૨૩ ની કલમ - ૪૮૨ અન્વયેની

આગોતરા જામીન સંબંધી સેશન્સ કોર્ટની ખાસ સત્તાનો ઉપયોગ કરી, આ કામના અરજદાર/આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવાનુ ન્યાયી, વ્યાજબી અને યોગ્ય જણાતુ ન હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: હુ ક મ ::–**

– આ કામના અરજદાર/આરોપી બલવન્તારામ રામચંદરામ જાની, ઉ.વ.આ.૪૦, ધંધોઃ ખેતી, રહે. જાનીયો ની ઢાળી, કાકડો ની ઢાળી, ચૈનપુરા, અનીચાલી, બાડમેર, રાજસ્થાન નાઓની સિધ્ધપુર પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૧૭૦૩૦૨૫૦૯૮૬/ ૨૦૨૫, પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫(એ), ૬૫(ઇ), ૧૧૬(બી), ૮૧, ૮૩, ૯૮(૨) મુજબના ગુનાના કામની ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા – ૨૦૨૩ ની કલમ – ૪૮૨ અન્વયેની આગોતરા જામીન ઉપર મુકત થવા સંબંધેની અરજી આથી **નામંજુર** યાને **રદ** કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૦મી, માહે ઓગષ્ટ, સને ૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ.૧૦–૦૮–૨૦૨૬
પાટણ

(મહંમદઈરફાન અબ્દુલરઝાકભાઇ શેખ)
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ,
પાટણ.
જજ કોડ નં.જીજે ૦૦૮૯૨

ARP